# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/પ્રવેશ/એમ.એસ.ડબલ્યુ/૨૦૧૮/ 16527 તા. ૧૪/૦૬/૨૦૧૮

પરિપત્ર- ૫૫૩

### એમ.એસ.ડબલ્યુ.-પ્રથમ સેમેસ્ટર પ્રવેશ અંગે સુચના

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે પ્રથમ વર્ષ એમ.એસ.ડબલ્યુ. અભ્યાસક્રમમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવા તેમજ સૂચનાઓ અને આદેશોનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૧. પ્રવેશની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

૨. આપની કોલેજમાં જે વિષયો ચાલતા હોય તેની માહિતી આપની કોલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મૂકશો.

૩. અ. પ્રવેશ ફોર્મ કોલેજે છાપીને માત્ર રૂ.-૫૦ થી વધારે લઈ શકશે નહી.
   બ. પેમ્પલેટ, બ્રોશર કે અન્ય સ્વરૂપના નામેથી ફોર્મની કિંમત રૂ. ૫૦/- થી વધારે લઇ શકશે નહી.

૪. ફોર્મ પરત લેતી વખતે વિધાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.

૫. વિદ્યાર્થીને પ્રવેશ મેરીટના આધારે જ આપવાનો રહેશે. યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલ ઈન્ટેક કેપેસીટી પ્રમાણે જ પ્રવેશ આપી શકાશે. ઈન્ટેક કેપેસીટી કરતા વધારાના આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહી તેમજ તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

૬. દરેક કૉલેજ નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત કૉલેજના પ્રવેશ દ્વાર પાસે મૂકવી. (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)
   ૧. મેરીટ યાદીમાં નામ આવતા ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.
   ૨. મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિધાર્થી પ્રવેશ લે છે તેના પર આધાર રહે છે.
   ૩. મેરીટ યાદીઓ નિયત તારીખે જ જાહેર કરવી અને ત્યારબાદ જ ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું. સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.
   ૪. નિયત તારીખે ફી નહિ ભરનારને પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહી, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સાંભળવામાં આવશે નહી.
   ૫. પ્રવેશ માટે કોઇપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવહાર કરવો નહી.

૭. નિયમાનુસાર સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.

૮. દરેક કોલેજ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન થશે નહિ અને તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.
   ૧. અનામત કક્ષાના વિધાર્થીઓને જાતિના પુરાવવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

૨. બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ એપ્રિલ-૨૦૧૬ કે તે પછીના નોન ક્રીમીલેયર સર્ટીફિકેટની નકલ વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૩. પ્રવેશ શિડ્યુલમાં નક્કી કર્યા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવતાના ધોરણે આવતા તમામ વિધાર્થીઓને સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિધાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. ઓપન મેરીટમાં આવતા વિધાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો. તેમણે અનામત યાદીમાં સમાવવા નહિ. યુનિવર્સિટીની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલવાની રહેશે.

૪. અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો પ્રવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં ભરવી નહિ કે ઓપન કરવી નહિ. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

૫. અનામત જગ્યાઓની ટકાવારી — ડીવીઝન દીઠ

| | | |
|---|---|---|
| (અ) | અનુસુચિત જાતિ | ૭% |
| (બ) | અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |

(ડ) વિકલાંગ .................... 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૪૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૫૧% રહેશે.

Special Provision for Concession for the wards of Kashmir migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

૯. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થયા હોય કે સુધારો વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઈ, મેરીટ યાદીમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તેવા પ્રવેશ આપવાનું રાખવું.

૧૦. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિસ્તારની કોલેજોમાં સ્નાતક થયેલ હોય તે સિવાયના ગુજરાત યુનિવર્સિટી કે અન્ય યુનિવર્સિટીના વિધાર્થીઓને કોઈપણ સંજોગોમા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C) સિવાય પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા નહી.

૧૧. પ્રવેશ મેળવનાર વિધાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને રજિસ્ટ્રેશન માટે ત્રણ ફોટા અચૂક લેવા, અને પ્રથમ પ્રવેશકાર્ય પૂરું ન થાય ત્યાં સુધી ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવી નહિ, સદરહુ નિયમનો ચુસ્તપણે અમલ કરવો, કોઈપણ સંજોગોમાં આ માટે વિધાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહિ.

૧૨. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો. રજિસ્ટ્રેશન બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.

૧૩. નોટીસબોર્ડ પર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ /ઈ-મેઈલ **(registrar@sggu.ac.in)** દ્વારા શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. માં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ...............પ્રવેશયાદીનં........................... કોલેજનું નામ..........................................

| ક્રમ | વિધાર્થીનું નામ | વિધાર્થીના પ્રાપ્ત ટકા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

| એચ.એસ.સી. બેઠક નં./ માર્કશીટ નં. | રીમાર્ક જો હોય તો |
|---|---|
| ૫ | ૬ |

૧૪. અનામત કક્ષાના વિધાર્થીઓની જગ્યાઓ

અ. ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિ.ની પૂર્વ મંજુરી લેવી ફરજીયાત છે.

બ. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મૂકવી, સિક્યોરિટીની પાકી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૫. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોયતો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિસ્તારમાં થઈ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૬. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મુજબ થાય કે કેમ તે તપાસવા માટે ઓબ્ઝર્વર નીમવામાં આવશે. તેઓ કુલપતિશ્રીને સીધો રીપોર્ટ આપશે. તેઓ જે માહિતી માંગે તે કોલેજોએ આપવાની રહેશે.

૧૭. દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની હાજરી તમામ વિષયના અધ્યાપકશ્રીઓએ ફરજીયાત લેવી. વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહે તેમને નોટીસો આપી, તે પછીના સેમેસ્ટરમાં પ્રવેશ રદ્દ કરવો. દરેક સેમેસ્ટરમાં હાજરી પત્રકોમાં તારીખ વાર હાજરી ભરી નિયત હાજરી પત્રકો દરેક સેમેસ્ટર સમાપ્ત થયા પછી ૧૫ દિવસમાં અલગ સ્ટેટમેન્ટ સાથે યુનિવર્સિટીને અચૂક મોકલવા. આચાર્યશ્રીએ જેમની હાજરી નિયમો મુજબ ઓછી હોય તેમના પરીક્ષા ફોર્મ રદ કરવા માટે પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા યુનિવર્સિટીમાં રેકર્ડ સહિત મોકલી આપવા. કોઈની ખૂટતી હાજરી યુનિવર્સિટી માફ કરશે નહી તે બાબત વિદ્યાર્થીઓને જણાવવી તથા વિદ્યાર્થીઓને હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં મોકલવા નહી કે માન.કુલપતિશ્રીને ભલામણ કરવી નહી. પૂરતી હાજરી સિવાય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. આ બાબતની સંપૂર્ણ જવાબદારી સંપૂર્ણ રીતે પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓની રહેશે.

૧૮. વિદ્યાર્થીનો પ્રવેશ રદ્દ કર્યો હોય તો તેની જાણ યુનિવર્સિટીને અવશ્ય કરવી.

૧૯. સેમેસ્ટરની શરૂઆતમાં જ કોલેજ/સંસ્થાના નોટીસબોર્ડ પર મૂકી વિદ્યાર્થીનું ધ્યાન દોરવું કે નિયમાનુસાર

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


દરેક સેમેસ્ટરમાં સંપૂર્ણ હાજરી રાખવી આવશ્યક છે, સેમેસ્ટર મંજુર થતા નહી હોય તો પરીક્ષા પ્રવેશ રદ્દ કરવામાં આવે છે. તેથી હાજરીની બાબતમાં નિયમિતતા રાખવી જરૂરી છે. આ નિયમ દરેક વર્ગમાં સમજાવવો. યુનિવર્સિટીમાં હાજરી પત્રકો સિવાય પરીક્ષા ફોર્મ સ્વીકારશે નહી અને યુનિવર્સિટી હાજરી માફ કરશે નહી. જેમના ફોર્મ હાજરીના કારણે રદ કરવાના હોય તેને જુદા સમયે લેખિત નોટીસો આપી જાણ કરવી અને પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા ફોર્મ રદ કરી વિદ્યાર્થીઓને જાણ પણ કરવી. તદ્દઅનુસાર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ફોર્મ પરત ખેંચવા અંગે બેઠક નંબર સહિત જાણ કરશો.

૨૦. વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માટે માત્ર પરીક્ષા ફોર્મ Withdraw કરવા ભલામણ કરવી. તે સિવાય તે પરત્વે કાર્યવાહી થઈ શકશે નહી, ખૂટતી હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં કેસ મોકલવા નહી.

૨૧. પરીક્ષા ફોર્મ રદ કરવાની જવાબદારી આચાર્યશ્રીની રહેશે. યુનિવર્સિટી કાર્યાલય કે માન. કુલપતિશ્રી તે પરત્વે જવાબદાર રહેશે નહી. તેની નોંધ લેવા વિનંતી છે.

૨૨. એમ.એસ.ડબ્લ્યુ. સેમેસ્ટર-૧ માં પ્રવેશ આપવા અંગેનું મેરીટ યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ નક્કી કરી પ્રવેશ આપવો.

૨૩. રીઝલ્ટ જાહેર થયેલ હોય અને માર્કશીટ યુનિવર્સિટીમાંથી આવેલ ના હોય તેવા સંજોગોમાં ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલ માર્કશીટ પ્રિન્સિપાલના સહી સિક્કા કરાવી સામેલ કરે તો તેવા ફોર્મ સ્વીકારવાનું રાખવું. પ્રવેશ વખતે વિદ્યાર્થીએ અસલ ગુણપત્રક રજુ કરવાનું રહેશે. તેવી સૂચના આપી બાંહેધરી લેવી.

૨૪. સંસ્થામાં રેગીંગના નિયમોનું ચૂસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાના ઇન્ચાર્જ/આચાર્યશ્રીની રહેશે. જે વિધાર્થી રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ થશે. આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવો.

૨૫. ૬૨ વર્ષથી ઉપરના કોઈને પણ ડાયરેક્ટર, ઇન્ચાર્જ ડાયરેક્ટર તરીકે કોઈપણ સ્વનિર્ભર સંસ્થામાં ચાલુ રાખી શકશે નહી.

૨૬. સ્વનિર્ભર કોલેજો યુનિ.ની સંલગ્ન કોલેજ હોઈ, ગ્રાન્ટેબલ કોલેજો માટે સ્ટાફ, વર્કલોડનું જે મહેકમ છે તે લાગુ પડે છે. તેથી જરૂરી ક્લાર્ક, ગ્રંથપાલ, સ્પોર્ટ્સ ટીચર વગેરે ગ્રાન્ટેબલ ધોરણે ફરજીયાત નિમવાના રહેશે. અન્યથા યુનિ. માન્યતા રદ કરવા સુધીના પગલા અચૂક લેશે. તમામ સ્ટાફને સરકારશ્રીના/યુનિ.ના ધારા-ધોરણો મુજબ ફરજીયાત રીતે પૂરો પગાર આપવાનો છે.

૨૭. જે સ્વનિર્ભર કોલેજોમાં સ્ટાફ ઓછો હશે તેમની ઇન્ટેક કેપેસીટી ઓછી કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ એમ.એસ.ડબલ્યુ. માં પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક**

| ક્રમ | કાર્યવાહી | એમ.એસ.ડબલ્યુ. |
|---|---|---|
| (૧) | કૉલેજો દ્વારા વિધાર્થીઓને પ્રવેશ ફોર્મનું વિતરણ | ૧૫/૦૬/૨૦૧૮ |
| (૨) | કૉલેજો દ્વારા પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા | ૧૫/૦૬/૨૦૧૮ થી ૨૬/૦૬/૨૦૧૮ |
| (૩) | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૨૭/૦૬/૨૦૧૮ |
| (૪) | ઓપન અને અનામત પ્રથમ મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૨૭/૦૬/૨૦૧૮ થી ૦૨/૦૭/૨૦૧૮ |
| (૫) | ઓપન અને અનામત મેરીટની બીજી યાદીની જાહેરાત | ૦૩/૦૭/૨૦૧૮ |
| (૬) | ઓપન અને અનામત દ્વિતીય મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૦૩/૦૭/૨૦૧૮ થી ૦૬/૦૭/૨૦૧૮ |
| (૭) | જરૂર પડ્યે અનામત કેટેગરીની ખાલી સીટો માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરી મેળવવી અને યુનિવર્સિટીની સુચના મુજબ આ સીટો ભરવી. | ૦૬/૦૭/૨૦૧૮ |
| (૮) | પ્રથમ વર્ષ સેમેસ્ટર-૧ નો શૈક્ષણિક પ્રારંભ | ૦૩/૦૭/૨૦૧૮ |

ઉપરોક્ત સૂચનાઓ તમામ કોલેજોના આચાર્યશ્રીઓએ અચૂક પાલન કરવાનું રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- એમ.એસ.ડબલ્યુ નો અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.